# પ્રેસનોટ

# શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક જામનગર મુકામે તા. ૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ અત્યંત સફળતાપૂર્વક સંપન્ન

તા. ૩ એપ્રિલ, ૨૦૧૬ ને રવિવારના રોજ સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક જામનગર મુકામે સમસ્ત હાલાર લોહાણા સમાજના યજમાનપદે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ મીટીંગમાં ભાગ લેવા માટે દેશભરમાંથી ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૪ એજન્ડાની આ કારોબારી સમિતિની બેઠકમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આરોગ્ય સહાય, સ્કોલરશીપ યોજના, ઉચ્ચ શિક્ષણ માટે તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક રીતે સહાયરૂપ થવાની યોજના, યુવા સમિતિ દ્વારા મિસ્ડકોલ પ્રોજેક્ટ, બ્લડસેવા પ્રોજેક્ટ, મહિલા વિભાગ દ્વારા બહેનોને આગળ આવી સમાજના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે રઘુવંશના ગૌરવની અનુભૂતિ થાય તે માટે રામનવમીને રઘુવંશી ગૌરવ દિન તરીકે ઉજવવાનું સર્વાનુમતે બહાલી, શ્રી લોહાણા મહાપરિષદ સાથે સંકલિત તમામ સંસ્થાઓ તથા મહાજનો માટે મૂળભુત અને આવશ્યક માર્ગદર્શિકાની જાહેરાત, દેશભરના વિવિધ મોટા શહેરોમાં જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક રહેવાની સગવડ, માતૃસંસ્થાના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના પ્રચાર-પ્રસાર, થેલેસેમિયા મેજર નામની બીમારીને નાથવા માટે વિશિષ્ટ પ્રયત્નો જેવાં અનેક અગત્યના મુદ્દાઓ ઉપર ચર્ચા-વિચારણા થઈ હતી. અત્રે દક્ષિણ ભારત વિભાગની નિમણૂંકો તથા અન્ય મહત્ત્વની જવાબદારીઓ પણ સોંપવામાં આવેલ. આ ઉપરાંત શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિઓ દ્વારા થયેલી આ બેઠકમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભુપતાણી સહિત તમામ વરિષ્ઠ હોદ્દેદારોએ પ્રેરક ઉદ્‌બોધનો કર્યા હતા અને સમાજને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંગઠિત થઈ તન, મન અને ધનથી મહાપરિષદના સેવાયજ્ઞમાં જોડાવા અપીલ કરી હતી. સવારે ૧૦.૦૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીત દ્વારા શરૂ થયેલી મીટીંગ બપોરે ૩.૦૦ કલાકે સંપન્ન થઈ હતી. યજમાન સંસ્થા સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલ તથા તેમની સમગ્ર ટીમનું માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું ભવ્યાતિભવ્ય આતિથ્ય કરવા બદલ આભારની લાગણી સાથે શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ હોદ્દેદારો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મીટીંગ પૂર્વે તા. ૨ એપ્રિલના રોજ સમગ્ર હાલાર પંથકના પત્રકાર જગતના મિત્રો સાથે પંચેશ્વર ટાવર ખાતે આવેલી મહાજન વાડીમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ બપોરે ભોજન પ્રસાદ લીધા બાદ ભગવાન દ્વારકાધીશના દર્શને ગયા હતા ત્યાં ભગવાન દ્વારકાધીશની ધજાપૂજન તથા ધજા આરોહણ કરવામાં આવેલ. તા. ૩ એપ્રિલ ૨૦૧૬ના રોજ કારોબારી મીટીંગ પૂર્ણ થયા બાદ સાંજે ઓશવાળ સેન્ટર ખાતે હાલાર રઘુવંશી સંમેલનનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજે ૧૦,૦૦૦થી પણ વધુ રઘુવંશીઓ હરખભેર ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી પરિમલભાઈ નથવાણી, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ લાલ, શ્રી દ્વારકાદાસભાઈ રાયચુરા, શ્રી પ્રદિપભાઈ માધવાણી, શ્રી ભરતભાઈ સુખપરીયા, શ્રી અશોકભાઈ લાલ તથા અન્ય મહાનુભાવોએ પ્રેરક ઉદ્‌બોધનો કર્યા હતા. આ સમારંભમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી પરિમલભાઈ નથવાણી તથા શ્રી યોગેશભાઈ લાખાણીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. લગભગ રાત્રે ૯.૩૦ કલાકે તમામ જ્ઞાતિજનો ભોજન પ્રસાદ લઈ અનેરી ઊર્જાના સંચાર સાથે છૂટા પડ્યા હતા. કાર્યક્રમો અંગે પણ શ્રી હિમાંશુભાઈએ વિગતવાર માહિતી આપેલ.